# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૩/ક્વા-૨/૧૯-૨૦/૭૭૭૫** **તા.૨૭–૧૧–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૭૩/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **પ્રવિણચંદ્ર ખોડાભાઈ બાણુગરીયા** ગામ: **ગોંડલ ગ્રામ્ય-૨**
રજૂઆત કરનાર: **અરજદાર પ્રવિણચંદ્ર ખોડાભાઈ બાણુગરીયા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ગોંડલ**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર **વિ.જી.મારકણા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ગોંડલ**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૧૯-૧૧-૨૦૧૯ ( મંગળવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૯-૧૧-૨૦૧૯ ( મંગળવાર )ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર શ્રી પ્રવિણચંદ્ર ખોડાભાઈ બાણુગરીયા ગામ -ગોંડલ ગ્રામ્ય-૨, તેઓની અરજીના નોંધણી નં: ૭૩/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે, ગોંડલ તાલુકાના ગરનાળા ગામમાં સર્વે નંબરઃ ૨૧૧ પૈકી ૧ માં અરજદારશ્રી ના ભાઈ અશોકભાઈ ખોડાભાઈ બાણુગરીયાએ વીજ કંપનીને છેતરીને – અરજદાર ના સર્વે નંબરઃ ૨૧૧ પૈકી ૧ મા – એ કેટેગરી હેઠળ નુ વીજજોડાણ મેળવી લીધેલ છે. અરજદારના ભાઈ ના સર્વે નંબરઃ ૨૧૧ પૈકી ૩ મા કુવામાં જોડાણ ન મળવાના કારણોસર – અરજદાર શ્રી ની લેખીત સંમંતી વગર સર્વે નંબરઃ ૨૧૧ પૈકી મા – એક જ કુવો હતો. પરંતુ ભાઈઓ ભાગ થતા સર્વે નંબરઃ ૨૧૧ પૈકી નો કુવાનો દાખલો પંચાયત માથી મેળવીને – વીજજોડાણ મેળવી દીધેલ છે. રે.સ. ૨૧૧ પૈકી ની ખેતીની જમીનના નીચે મુજબ સીધીલીટી ના વારસદારો જણાવેલ છે.

| સર્વે નંબર: | ખાતા નંબર | ખેડુતનુ નામ |
|---|---|---|
| ૨૧૧ પૈકી ૧ | ૧૫૧ | પ્રવિણચંદ્ર ખોડાભાઈ બાણુગરીયા |
| ૨૧૧ પૈકી ૨ | ૨૮૪ | પ્રભાવતી પ્રવિણચંદ્ર બાણુગરીયા |
| ૨૧૧ પૈકી ૩ | ૧૫૩ | અશોકભાઈ ખોડાભાઈ બાણુગરીયા |
| ૨૧૧ પૈકી ૪ | ૨૮૫ | જયોત્નાબેન અશોકભાઈ બાણુગરીયા |
| ૨૧૧ પૈકી ૫ | ૩૭૧ | હંસાબેન ચંદુલાલ બાણુગરીયા |

આમ, ઉપર મુજબ – અરજદાર ના ભાઈ શ્રી અશોકભાઈ ખોડાભાઈ બાણુગરીયા દ્વારા વીજજોડાણ મેળવવા માટે ૨૧૧ પૈકી ૩ ના આધાર–પુરાવા આપવાના હોય છે, પરંતુ સર્વે નંબરઃ ૨૧૧ પૈકી ૧ માં છેતરપીંડી કરીને વીજજોડાણ મેળવેલ છે. જેથી – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- શ્રી પ્રવીણચંદ્ર ખોડાભાઈ બાણુગરીયા ગામ:- ગરનારાની તા.૧૭.૦૯.૨૦૧૯ ની રજુઆતના અનુસંધાને - શ્રી અશોકભાઈ ખોડાભાઈ બાણુગરીયા, ગરનારા ગામે સર્વે નં-૨૧૧ પૈકી માં અત્રેની પીજીવીસીએલ ગોંડલ પેટા વિભાગીય કચેરી ગ્રામ્ય-૨ હેઠળ ગ્રાહક નં-૮૭૭૧૭/૦૦૩૬૩/૫ થી ખેતીવાડી થ્રી ફેઇઝ વીજ જોડાણ ધરાવે છે.

શ્રી અશોકભાઈ ખોડાભાઈ એ ગરનારા ગામે સર્વે નં-૨૧૧ પૈકી માં શ્રી ફેઇઝ ખેતીવાડી અત્રેની ગોંડલ પેટા વિભાગીય કચેરી હેઠળ પહોંચ નં-૬૩૩૯૧ તા- ૦૯.૦૭.૧૯૯૨ થી ૫૦=૦૦ રૂ. ભરપાઈ કરી અરજી કરેલ હતી. જે અરજી માં રજુ કરેલ ૧૬ નબર ના દાખલા મુજબ શ્રી પ્રવીણભાઈ ખોડાભાઈ બાણુગરીયા નાં માલિકી નાં સર્વે નબર ૨૧૧ પૈકી માં આવેલ કુવા માં શ્રી અશોકભાઈ ખોડાભાઈ નો ભાગ દર્શાવેલ છે. જે અરજી અનુસંધાને જે તે સમયના પ્રવર્તમાન નિયમ મજુબ ક્રમાનુસાર ક્રમ આવ્યે એ ટાઈપ કેટેગરીમાં શ્રી અશોકભાઈ ખોડાભાઈ ને ગરનારા ગામે સર્વે નં-૨૧૧ પૈકી માંથ્રી ફેઇઝ ખેતીવાડી વીજ જોડાણ આપવા માં આવેલ. જે વીજ જોડાણ તા.૧૮.૦૯.૧૯૯૨ નાં રોજ રીલીઝ કરવા આવેલ.

૩.૧ ત્યારબાદ આજદીન સુધી શ્રી અશોકભાઈ ખોડાભાઈ નાં નામ નું વીજજોડાણ શ્રી પ્રવીણભાઈ ખોડાભાઈ બાણુગરીયા નાં સર્વે નં-૨૧૧ પૈકીનાં કુવા માં હયાત ચાલુ છે. પરંતુ કોઈ અંગત કારણોસર આટલા વર્ષો વીત્યા બાદ શ્રી પ્રવીણભાઈ ખોડાભાઈ બાણુગરીયાએ સદર વીજ જોડાણ બાબતે ફરિયાદ કરેલ છે. જે અનુસંધાને પેટા વિભાગીય કચેરી ગ્રામ્ય-૨ દ્વારા પત્ર ન.-૯૨૭૪/ ૧૮.૧૧.૨૦૧૮ થી શ્રી અશોકભાઈ ખોડાભાઈ પાસે થી અને પત્ર નં-૯૨૭૩/ ૧૮.૧૧.૨૦૧૮ થી શ્રી પ્રવીણભાઈ ખોડાભાઈ બાણુગરીયા પાસેથી સદર ફરીયાદ વાળા વીજ જોડાણવાળા કુવા ના હક્ક બાબતે જરૂરી આધાર પુરાવા રજુ કરવા જણાવેલ છે.

૩.૨ ફોરમ કમિટી મીટીંગ તા.૧૯–૧૧–૧૯ ના રોજ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ઉપરોકત બાબત ના અનુસંધાને – ફરીયાદી અરજદાર શ્રી પ્રવીણચંદ્ર ખોડાભાઈ બાણુગરીયા અને શ્રી અશોકભાઈ ખોડાભાઈ બાણુગરીયા ની વચ્ચે તકરાર હોય – જેનો કોર્ટ કેઈસ – ગોંડલ ના મે.સીવીલજજ સાહેબ ની કોર્ટ માં રેગ્યુલર દિવાની કેઈસ નં. – ૧૫૫/ ૨૦૧૪ થી હાલ પડતર છે, જેની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ ઉપરોક્ત મુદ્દા નં.૨.૦ મુજબ ની વિગતે શ્રી પ્રવીણચંદ્ર ખોડાભાઈ બાણુગરીયા ગામ:- ગરનારાની તા.૧૭.૦૯.૨૦૧૯ ની રજુઆતના અનુસંધાને - શ્રી અશોકભાઈ ખોડાભાઈ બાણુગરીયા, ગરનારા ગામે સર્વે નં-૨૧૧ પૈકી માં અત્રેની પીજીવીસીએલ ગોંડલ પેટા વિભાગીય કચેરી ગ્રામ્ય-૨ હેઠળ ગ્રાહક નં-૮૭૭૧૭/૦૦૩૬૩/૫ થી ખેતીવાડી થ્રી ફેઇઝ

વીજ જોડાણ ધરાવે છે. જે વીજ જોડાણ તા.૧૮.૦૯.૧૯૯૨ નાં રોજ રીલીઝ કરવા આવેલ. અરજદારના ભાઈ ના સર્વે નંબરઃ ૨૧૧ પૈકી ૩ મા કુવામાં જોડાણ ન મળવાના કારણોસર – અરજદાર શ્રી ની લેખીત સંમતી વગર સર્વે નંબરઃ ૨૧૧ પૈકી મા – એક જ કુવો હતો, પરંતુ ભાઈઓ ભાગ થતા સર્વે નંબરઃ ૨૧૧ પૈકી નો કુવાનો દાખલો પંચાયત માથી મેળવીને – વીજજોડાણ મેળવી દીધેલ છે જે દુર કરવા ફરીયાદી અરજદારે રજુઆત કરેલ છે.

૪.૨ ફરીયાદી અરજદાર શ્રી પ્રવીણચંદ્ર ખોડાભાઈ બાણુગરીયા અને તેઓના ભાઈ શ્રી અશોકભાઈ ખોડાભાઈ બાણુગરીયા ની વચ્ચે ઉપરોકત જણાવ્યા મુજબ ની તકરારેનો કોર્ટ કેઈસ – ગોંડલ ના મે.સીવીલજજ સાહેબ ની કોર્ટ માં રેગ્યુલર દિવાની કેઈસ નં. – ૧૫૫/ ૨૦૧૪ થી હાલ પડતર છે.

૪.૩ ઉપરોક્ત મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતે નામ.જીઈઆરસીના પ્રવર્તમાન નોટીફીકેશન નંઃ ૦૨/૨૦૧૯ નાં મુદા નંઃ ૨.૩૩ (૧) માં કરાયેલ જોગવાઈ મુજબ ''સદર પ્રકારના – એટલેકે સમાન ફરીયાદી અને પરવાનેદાર વચ્ચેની બાબત ને લગતી કાર્યવાહી, કોઈપણ કોર્ટ, ટ્રિબ્યુનલ, લવાદ કે અન્ય કોઈ તંત્ર સમક્ષ બાકી હોય તેવા કેસોમાં, અથવા આવી કોઈ કોર્ટ, ટ્રિબ્યુનલ, લવાદ કે અધિકારીએ હુકમનામુ, ચુકાદો કે આખરી હુકમ પસાર કરી દીધો હોય તેવા કેઈસો ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ સતા ક્ષેત્ર બહાર હોય , આ બાબતે અત્રેના ફોરમ તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ નથી, અત્રે ના ફોરમ તરફથી આપશ્રી તરફથી મળેલ ઉપરોકત સંદર્ભ મુજબની ફરીયાદ અરજી દફતરે કરવામાં આવે છે.''

૪.૪ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |